સાલ : ૭ / સિલસિલાવાર નંબર : ૭૮ / શુમારો : ૬ 
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
કુલ પાના - ૧૦

مشكوة الهادي
Mishkaat-ul-Haadi
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. 
તા. ૧ જુમાદિલ આખર ૧૪૩૧ હી., ૧૪-૫-૨૦૧૦

## જ્વાલા મુખી –science વાસ્તે process (પ્રક્રિયા) અને સમઝનાર વાસ્તે અલ્લાહની નિશાની

દુનિયા ભરના અખ્બારોમાં ચંદ દિન પહેલા સનસની-ખૈઝ ખબરો માંથી એક ખબર Iceland માં જ્વાલામુખી (volcano)ફાટવાની હતી. આ હાદસા ના સબબ Iceland દુનિયામાં મશહૂર થઈ ગયું. કોઈ ખ્વાબમાં પણ ખયાલ ના કરી શકે કે, એક જ્વાલામુખી ના આટલા હદ તક ખતરનાક અને નુકસાનકારક અસર હોઈ શકે. જ્વાલામુખી માંથી જે વક્ત રાખ ઉડી ને આસમાનની ઊંચાઈઓ માં પહોંચી તો આસમાન માં હવાઈ જહાઝમાં ઉડતા ઈન્સાનો ઝમીન પર આવી ગયા. હઝારો ફ્લાઈટો રદ કરવામાં આવી, અબજો ના નુકસાન સાથે લાખો લોગો પરેશાન થયા. મગર અલ્લાહતઆલાની મહેરબાની થઈ કે, રાખ વધારે ન ઉડી અને આસમાનમાં ઊંચે ન ફેલાઈ. Experts કહે છે કે, એક જબરદસ્ત જ્વાલામુખી થી નીકલેલી રાખ મૌસમને બદલી શકે છે, ખેતી ને બરબાદ કરી શકે છે, વસાહતો ને દફન કરી શકે છે, વગૈરા-વગૈરા. તેમના કહેવા મુજબ જ્વાલામુખી અને ધરતીકંપ ઝમીન ની એવી ઝબરદસ્ત અને ભયાનક સૂરત છે કે, જેથી તે ઝમીનની સતેહ (surface) પર રહેલી તમામ ચીઝો માં બદલાવ લાવી શકે છે, ઝમીનની શિક્લ પલટી શકે છે.

Science ના આ મુખોટા ને ઉતારીને શરીઅત ની હકીકી નઝરથી આ તમામ ચીઝોને જોઈએ અને ગૌર કરીએ તો માઅલૂમ પડશે કે, અલ્લાહતઆલા કુરઆને કરીમમાં આ ઝમીની આફત વાસ્તે ગહેરી ઈબરતનાક વાતો બયાન કરે છે કે :

- વ બુસ્સતિલ જિબાલો બસ્સા (સૂરતુલ વાકેઆ) - **જે વક્ત પહાડો નો ભૂક્કો કરી દેવાશે.**
- વ હોમેલતિલ અરઝો વલ જિબાલો ફદુક્કતા દુક્કતન વાહેદતન (સૂરતુલ હાક્કા) - **જે વક્ત ઝમીન અને પહાડો એક જ વક્તમાં નાબૂદ કરી દેવાશે.**
- વ તકૂનુલ જિબાલો કલ એહનિલ મનફૂશ (સૂરતુલ કારેઆ) - **જે વક્ત પહાડો ને રૂ ની મુજબ હલકા બનાવી દેવાશે.**

ઉપરની આયતોમાં અલ્લાહતઆલા કયામતનો મંઝર પૈશ કરે છે. જ્વાલામુખી જે વક્ત ફાટે છે તો આ બધી જ ચીઝો રૂનુમા થાય છે. આ સઘલી વારેદાત મુમેનીનને વાસ્તે અલ્લાહની નિશાની છે કે, જ્યારે એક જ્વાલામુખી આ મુજબની હાલત કરી શકે છે, તો કયામતના દિન કેવો મંઝર હશે ? તે વક્ત મુમેનીન ને ન તો ઝમીન કિફાયત કરશે ન તો આસમાનથી ફાયદો મીલશે મગર એનો સહારો તે વક્ત અલ્લાહની અને અલ્લાહના હુજ્જત (નબી, વસી, ઈમામ, દાઈ) ની મોહબ્બતને અલાવા કોઈ બીજી ચીઝ નહીં હોય.

- બીજી વજહમાં જ્વાલામુખી ને અંદરથી રાખ ને સાથે ગરમ પીગલેલા પત્થરો નીકલે છે જેને લાવા (lava) કહેવાય છે. જે ચીઝ ઝમીનને અંદર દફન હતી, પોશીદા હતી તે surface પર બાહર આવી - જે રાખ નો જોશ ઝમીનને અંદર કૈદ હતો તે આસમાન માં રાખના વાદલો બની ગયા અને બારિશને સાથે બધી જગા પર તે રાખ વરસી ગઈ. બાતિનની અંદરની ચીઝ ઝાહિર થઈ. જે ચીઝ છુપેલી હતી તે આસમાન પર ખુલ્લી થઈ ગઈ. શરીઅત કહે છે કે, બૈરો પૂરેપૂરી ઔરત છે. બૈરોને પોતાના બદનને ગૈર-મેહરમ મરદોથી છુપાવવું જોઈએ, ઢાંકવું જોઈએ. પણ આજે લોગો જાણે છે કે, મોર્ડાનીટી અને સ્ટાઈલના નામ પર બૈરો-દીકરીઓ બેરિદા, બેશરમ, તંગ-કપડે, કમ-કપડે બાઝારો અને સડકો પર સરેઆમ ફીરે છે. પછી એ ૬૦ વરસના દાદી-નાની હોય યા ૧૫ વરસના દીકરી હોય.

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

**જેમ કિશ્તીની મઝબૂતી દરિયાઈ તૂફાનમાં ખબર પડે તેમ મુમિનના ઈમાનની મઝબૂતી મુસીબતમાં ખબર પડે છે.**

## સૈ. ઈદરીસ ઈમાદુદ્દીન સાહબ (આ.કુ.) ના વક્તમાં
## -::: સક્કા (ભિશ્તી) નો કિસ્સો :::-

તારીખના કિતાબોમાં રિવાયત છે કે, સૈ. ઇદરીસના ઝમાને મુબારકમાં સક્કા (ભિશ્તી) નો કિસ્સો બનો. તે વક્તમાં હિન્દુસ્તાનથી જે મુમેનીન યમનમાં આપ મૌલાની હઝરતે આલીયાહમાં પધારતા તેને આપ ઘણી જ શફકતથી નવાઝતા. ઈમાનમાં પુખ્તા એવા હિન્દી ભાઈઓએ દાઅવતને કાઈમ રાખવા જે મહેનતો ઉચકી હતી, તેના સામે આપ યમની લોગોની મહેનતોને આસાન માનતા. હિન્દથી આવેલા સાહબોને આપ ઉઠીને આવકાર આપતા. તેમાંથી કેટલાકને આપની મસનદના નઝદીક બેસાડતા, ઘણો કરમ બખશતા. એવામાં હિન્દુસ્તાનથી આવેલા એક કાફલામાં એક મુમિન આવા. દાઈને ખબર કરવામાં આવી કે, હિન્દમાં મુમેનીનની ખિદમત બજા લાવનાર હિન્દના વાલી મૌ.આદમના હઝરતમાંથી એક ખિદમતગુઝાર મુમિન આવેલા છે. સૈયેદનાએ મજલિસ આરાસ્તા કીધી અને ત્યાં ૩૦૦ થી ઝિયાદહ યમની શૈખો (મશાઈખ) અને રઝાકારો (મફાસીહ) હાઝિર હતા. એ હિન્દી મુમિનને મજલિસમાં શરીક થાવા ઈઝન આપવામાં આવું. દાઈએ કહ્યું કે, **"અય સક્કા, તમેં મારા નઝદીક બેસો, તમામથી ઉપર બેસો."** આ બાબત યમનના હુદૂદ અને શૈખોના મનદુઃખનો સબબ બની ગઈ, દિલો પર ઘણું ભારી ગુઝરૂ. ચહેરાઓ પર મલાલ દેખાયો, દિલોનો ઈન્કાર આઁખોમાં નઝર આવો. દાઈના ફરમાનને ઉચકવામા ઢીલાશને સાથે ઈમાનો અમલમાં કચાશ પૈદા થાવા લાગી. સૈયેદના ઈદરીસે ફરમાવું કે, "અય હાઝેરીન, કહાઁ ખયાલ છે ? કેમ તમારા દિલો ભારી છે, ચહેરાઓ પર આ કયો મલાલ છે ? તમને બિલકુલ ખબર નથી, હું તમને આજે બશારત આપું છું કે, હિન્દની ઝમીનમાં જવાહિરે આલે મોહંમદ પૈદા થાશે. **ખુદાતઆલાના મુસ્તફીન મુખ્લેસીન ઔલિયા કિરામ હિન્દની જન્નત જેવી ઝમીનમાં ફરિશ્તાઓ મુજબ પૈદા થાશે."** આમ ફરમાવીને આપે યમની હુદૂદને હિન્દની દાઅવતનો શરફ સમઝાવો, મુમેનીનનો ઈખ્લાસ બતાવો, છતાં તે યમની લોગોના દિલોમાં હિન્દી ઈમાનદારોની ખટક રહી જ ગઈ.

સૈયેદનાએ તે વક્ત હાઝેરીન પર આપના હિન્દુસ્તાન વાસ્તેના બયાનની સચ્ચાઈ સાબિત થાય, તેઓને સબક મીલે, હિન્દી મુમેનીનની ઈતાઅત-ગુઝારીનું ઈમ્તેહાન થાય તે વાસ્તે એક અજબ કદમ ઉઠાવો. આપે હિન્દુસ્તાનથી આવેલા એ મુમિન ભાઈના ઝરીએ હિન્દના વાલી મૌ.આદમને બે ફરમાન-નામા મોકલાવી એને હિદાયત આપી કે, તમેં જે વક્ત હિન્દુસ્તાન તમારા વાલીને નઝદીક પહોંચો તો એમને આ કાગઝને મગરિબની નમાઝ પહેલા આપજો અને આ બીજો કાગઝ નમાઝ પૂરી થાય તે વક્ત આપજો.

સૈયેદનાના તે કિરતાસે ખુસૂસી (કાગઝો) લઈને મુમિન હિન્દુસ્તાન આવા. અહમદાબાદ પહોંચીને વાલીયુલ હિન્દે વસ સિન્દ મૌ.આદમના બૈતે શરફ પર ગયા અને પહેલો કાગઝ સિપૂર્દ કીધો. મૌલાઈએ તે કાગઝ ચૂમી લીધો, ઘણા એહતેરામથી કાગઝને પઢો. જેમાં લખેલું કે, **"જહાઁ તક બીજો હુકમ ન થાય વહાઁ તક તમારા ઘરમાં ફલાના સક્કા (ભિશ્તી) છે એને નમાઝ પઢાવવાની રઝા છે. તમેં સઘલા એની તાઅત કરજો. હક્કના રસ્તે ચાલજો."** કોઈ વક્ત ઝાયેઅ કીધા બગૈર તરત જ મૌલાઈ સાહબે દાઅવતના મશાઈખો, રઝાકારો અને જમાઅતના આઅયાન (મોટા લોગો) ને જમા કીધા. ઘરેઘર પાની ભરી આપનાર એ મુખ્લિસ મર્દે મુજાહિદ(સક્કા) ના ઘરે ફરમાને દાઈ લઈને તમામ પહોંચા. સક્કાને બોલાવા, ઈઝઝતો અદબ સાથે બેસાડા, કદમ બોસ થયા અને સૈયેદનાના ફરમાનનો કાગઝ પઢી સંભલાવો અને કહેવા લાગા કે, "અય સક્કા, યમનમાં જેમ હમારા મૌલા દાઈયુઝઝમાન ઈદરીસ છે, તેમ તમેં યહાઁ આજે હમારા મૌલા છો."

સક્કા તો આ ફરમાન સાંભલી અને ઘરમાં આવેલા જમાઅતના લોકોનો સુલૂક જોઈને તઅજ્જુબમાં પડી ગયા. પોતાની મજબૂરીઓને શરમિંદગી સાથે બતાવવા લગા. કહેવા લાગા કે, અય મૌલાઈ, હું તો એક અદના ગુલામ છું, આપનો ખાદિમ છું. મારી કહાઁ એવી હૈસીયત કે, આટલા ભારી અમરને ઉચકી શકું ! **કહાઁ આપ અને કહાઁ હું.** સઘલા મશાઈખે મીલીને સક્કાને સમઝાવા, મૌલાઈએ બધી જ મુશ્કિલોનો હલ કાઢી આપો. મગરિબની

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**હસદ અને લોખંડના કાટનું કામ એક જ છે : એક દિલની મોહબ્બતને કમ કરે છે તો બીજું લોખંડની તાકતને કમ કરે છે.**

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

✣ મૌ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) ની પૈદાઈશ બાદ અલ્લાહતઆલાએ મૌ.આદમ (અ.સ.) પર નિંદને ગાલિબ કીધી, ઊંઘમાં સુવાડી દીધા. આ હાલતમાં મૌ.આદમની એક પાંસલી નીકાલી અને તેમાંથી મૌ.હવ્વાને પૈદા કીધા અને એને આદમના બૈરો બનાવા, હમરાઝ કીધા, હમનશીન કીધા કે હર ઘડી આદમના મદદગાર બનીને રહે. આ બેવે સાહબોથી ઝુર્રીયત, આલ, ઔલાદને પૈદા કીધી, જે લોગો આદમી કહેવાયા. લેહાઝા, મૌ.આદમ તમામ ઈન્સાનોના બાવાજી અબુલ બશર થયા અને મૌ.હવ્વા માઁ સાહેબા ઉમ્મુલ બશર થયા.

✣ મૌ.આદમ અને મૌ.હવ્વાને જન્નતમાં વસાવા. બધી જન્નતી નેઅમતોને ઈસ્તેમાલ કરવાની ઈજાઝત આપી મગર એક દરખ્ત ને નઝદીક ન જાવાનું અને તેના ફલોને ન ખાવાનું ફરમાવું. મગર, આદમ પણ એક ઈન્સાન હતા અને **ઇન્સાનનો જાન વધારે હાસિલ કરવા તરફ અને જેનાથી એ રોકવામાં આવો હોય તેના તરફ ઝિયાદહ શૌક કરે છે,** મનાઅ કીધેલી ચીઝને હાસિલ કરવામાં ખૂબ કોશિશ કરે છે. એને આરામ મીલતો નથી જહાઁ તક તે હાસિલ ન થાય. હવે, જન્નતમાં મૌ.આદમ પાસે તમામ નેઅમતો હાઝિર હતી, એક દરખ્તના સિવાય. ઈબ્લીસે પોતાની ઝાતને હસદ (ખાર) અને કિબ્ર (ઘમંડ) થી હલાક કીધી, તેને મૌ.આદમની આ ફઝીલત કાંટાની જેમ ખટકતી હતી. તે દરખ્ત તરફ મૌ.આદમનો જાન લલચાયો અને ઈબ્લીસે મોટો મકર-ફરૈબ કરીને દરખ્તનું ફલ ખાવા પર બેવેને તૈયાર કીધા. ઘણી ઈન્કેસારી અને નમનતાઈ સાથે ઈબ્લીસે આદમને કહ્યું કે, હું તમારો ખૈરખ્વાહ છું, ભલું ચાહનારો છું, આ દરખ્તને નઝદીક જાવાથી અલ્લાહે તમને એ સબબથી રોકા છે કે, તમેં તેનું ફલ ખાઈને ફરિશ્તા ન બની જાવ યા હમેશાની ઝિંદગી તમને ન મીલી જાય. **આ દરખ્ત તો લાફાની મુલ્ક છે અને જે તેને હાસિલ કરશે તે ઘણો નૈક-બખ્ત ઇન્સાન હશે.**

✣ ઈબ્લીસના આ દાવમાં બેવે આવી ગયા. જેમાં મૌ.હવ્વા પર ઈબ્લીસના દગાનો ઝિયાદહ અસર થયો.. બેવેએ તે મનાઅ કરવામાં આવેલા દરખ્તનું ફલ ખાધું અને અલ્લાહનો ગુસ્સો તેમના પર નાઝિલ થયો અને બેવેને જન્નતથી નીકાલી દીધા. અલ્લાહતઆલાએ ફરમાવું કે, શું મેં તમને તે દરખ્તથી મનાઅ ન્હોતું કહ્યું અને ઈબ્લીસથી દૂર રહેવાનું ન્હોતું કહ્યું ? અલ્લાહતઆલાએ મૌ.આદમને ઝમીન પર નાંખા અને આદમે પોતાના ઝૌજાહ હવ્વા સાથે બયતુલ્લાહના તવાફ કીધા, જેમ ફરિશ્તાઓએ પોતાની ખતાની મઆફી વાસ્તે અર્શના ચોતરફ તવાફ દીધા હતા. મૌ. આદમે દોઆ કીધી કે, **રબ્બિગફિરલી**-અય મારા રબ મને મઆફ કર. જવાબમાં ફૌરન નિદા આવી કે, અય આદમ, મેં તમને મઆફ કીધા ! મૌ.આદમે દોબારહ અરઝ કીધી કે, **યા રબ્બે વલે ઝુર્રીયતી** - અય મારા રબ, મારા ફરઝંદોને પણ મઆફ કર. નિદાએ ઈલાહી આવી કે, અય આદમ ! તે સઘલા માંથી જે પણ શખ્સ ગુનાહ કરશે અને તમેં જેમ જે જગા પર તમારા ગુનાહની મઆફી માંગી તેમ એ પણ તે જગા પર આવીને મઆફી માંગશે તો જેમ મેં તમને મઆફ કીધા તેમ એને પણ મઆફ કરી દઈશ. ★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

| | |
|---|---|
| નામ | : **મુમ્તાઝઅલી મુનવ્વરઅલી મોટરવાલા** |
| સરનામું | : તૈયેબી પાર્ક, આજવા રોડ, વડોદરા. |
| વફાતની તારીખ | : ૧૪ જુમાદિલ અવ્વલ ૧૪૩૧ / ૨૭-૪-૨૦૧૦, મંગલવાર. |
| ફોન | : ૦૨૬૫-૨૫૧૫૭૪૪ |

| | |
|---|---|
| નામ | : **રબાબબુ ફિદાઅલી ફ્રેમવાલા** |
| સરનામું | : બદરી મોહલ્લા, વાડી, વડોદરા. |
| વફાતની તારીખ | : ૧૬ જુમાદિલ અવ્વલ ૧૪૩૧ / ૨૯-૪-૨૦૧૦, જુમેરાત. |
| ફોન | : ૨૫૮૧૫૨૯. |

| | |
|---|---|
| નામ | : **શમ્સુદીન ઇબ્રાહીમ મોટાભાઇવાલા** |
| સરનામું | : બદરી મોહલ્લા કોર્નર, વાડી, ટાવર પાસે, વડોદરા. |
| વફાતની તારીખ | : ૧૮ જુમાદિલ અવ્વલ ૧૪૩૧ / ૧-૫-૨૦૧૦, શનિવાર. |
| ફોન | : ૯૭૨૭૯૬૨૨૪૪ ★ |

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

નોંધ :-
જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૭૫/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

**મુસ્કુરાવવું મુમિનની આદત છે પણ ઝોર-ઝોરથી હઁસવું એ શયતાનની ખસલત છે.**

## -::: જાઅફર નહેરવાલીની ફિતનત :::- કિસ્ત - ૩

જાઅફરે થોડી મોહલત માંગી અને મૌ.હસનથી ઈજાઝત લઇ ઘરે ગયો. સોચું કે, "મૌલાઇ મારા પાસેથી નમાઝને વાલવા બાબત લખાવા સિવાય મને મઆફ કરનાર નથી, મારી ઘણી ઝિલ્લત થાશે અને યમનનો મારો સફર બેમાઅના થઇ જાશે." આમ, જાઅફરના દિલો ઝમીરમાં ઉઠેલી નિફાક-નાફરમાનીની ચિંગારી ખૌફનાક આગમાં તબદીલ થઇ ગઇ. એ અહમદાબાદથી રવાના થઇ પાટણ આવો. લોગોમાં દાઅવતે શરીફાહના ખિલાફ આગના ગોલા વરસાવવા લાગો. સૈયદના અને મૌલાઇ હસનનો ખુલ્લો મુખાલિફ-અદૂવે મુબીન બની ગયો. દીને હક્કથી ફિરી ગયો. અહલુલ બૈત અને અઇમ્મત (અ.સ.) પર તરહ-તરહના ઇલ્ઝામ લગાવા. નાસિબી લોગોના અકીદાઓ પર ચાલવા લાગો, મૌલાના અલી (અ.સ.) ની વલાયતને મુકી દીધી. દાઅવતના અસરાર-રાઝની વાતોને ગૈર લોગોને નઝદીક ઝાહીર કરી દીધી, **જાણે કે પોતાની ઔરતને ખોલી દીધી.** ઝબાનની સફાઇ અને ચાલાકીના સબબ લોગો એની મકરબાઝીમાં આવતા ગયા, એના હમ-ખયાલ થાવા લાગા અને થોડા અરસામાં જાઅફર એક મોટા ગિરોહનો સરપરસ્ત બની બેસો.

મૌ.હસને પાટણમાં મૌ.રાજાને દાઅવતના ઊમૂરને અંજામ આપવાની રઝા અતા કીધેલી હતી. જાઅફરની શયતાનીયત નો પૂરેપૂરો અહવાલ મૌ. રાજાએ મૌ.હસન તરફ લખી મોકલાવો. અહમદાબાદથી કાસિદના ઝરીએ મૌ.હસને સૈયેદનાની હઝરતે આલીયાહમાં જાઅફરના અખ્બાર પહોંચાવા. યમનથી ફરમાન થયું કે, "જાઅફર સાથે હુજ્જત કાઇમ કરો, હક્ક અને બાતિલ એને સમઝાવો, દલીલો બુરહાનથી એની હર વાતનો જવાબ આપો. પછી જો એ એની ઝિદ અને ગુમ્રાહી ન છોડે તો તમેં એને એના હાલ પર છોડી દો. **એનાથી અને એના લોગો સાથે બધા રિશ્તા કતેઅ કરી દો, તાઅલ્લુક તોડી નાખો."** મૌ.રાજાએ જાઅફરને ખાનગી તૌરથી બોલાવો, એને સમઝાવો, ખૂબ બહેસ કીધી. જાઅફર લઇન બોલો કે, હું ખૂબ જાણું છું કે, મેં કહાઁ છું ? હક્ક શું છે ? મેં શું કીધું છે? અય રાજા, આ કામ મેં ગફલતમાં નથી કીધું મગર બૈદારીમાં, જાણીબુઝીને ખૂબ સોચીને કીધેલું છે. તમેં તમારી સલામતી ચાહતા હોવ તો એક દોસ્ત હોવાને નાતે મારી સલાહ માનો અને તમેં પાટણ છોડીને કોઇ બીજી જગા ચાલા જાવ. મારા લોગોમાંથી જો કોઇ તમને રાફઝી કહે, તમારા ઉપર હમલો કરે, તમને ઈઝા આપે, તે હું રોકી શકીશ નહીં. તમારા વાસ્તે ખૈરીયત તો તેમાં છે કે, તમેં કોઇ બીજી જગાને આબાદ કરો, યહાઁ તમારા વાસ્તે સલામતી નથી.

મૌ.રાજાએ મૌ.હસનને જાઅફરની દગાબાઝી અને મક્કારીની તમામ હકીકતોથી આગાહ કીધા અને પાટણ છોડવાની રઝા માંગી. મૌ.હસને વકતની નઝાકતને જાણીને રઝા આપી અને મૌ.રાજા આપના અહલો અયાલ સાથે, દાઅવતના મુઆવિનો-મુખ્લિસો અને મુમેનીનને લઇને પાટણથી રવાના થઇ મોરબી પધારી ગયા. માદરે જાઅફર હક્કપરસ્ત હતા, લેહાઝા પોતાના દીકરાની બદદીનીનો કોઇ અસર એના પર થયો નહીં અને એ મૌ.રાજાને હમરાહ પાટણથી હિજરત કરી ગયા. જાઅફર લઇને જોયું કે, પાટણના લોગો પર એની શરપરસ્તીનો કબ્ઝો થઇ ચુકો છે તો એને બીજી જગાઓ પર રહેતા મુમેનીન પર નઝરે નાપાક નાંખી. **વડનગર, હિમ્મતનગર, વિસનગર, પ્રાંતિજ, મેહસાણા, મોડાસા, કડી થઇને અહમદાબાદ આવો.** હર જગા એના હિમાયતીઓની તાઅદાદ વધતી જાતી હતી. તેનો એક અહમ સબબ એ હતો કે, અહમદાબાદ પર અહમદશાહનું રાજ હતું જે નાસિબી હતો અને સલતનત તરફથી જાઅફરને પૂરી હિમાયત હાસિલ હતી. અહલે શીઆને ખિલાફ જાઅફરની હર તરકીબ કામિયાબ થાતી હતી. અહલુલ બૈત (અ.સ.) ના મોહિબ્બો વાસ્તે ભારી ઈમ્તેહાનના અય્યામ હતા, હર જગા મુખાલિફોનું ઝૌર હતું.

મૌ.હસને ગોશા-નશીની અને પડદા-પોશી ઈખ્તિયાર કીધી. મુમેનીનની ઝિંદગી દુશ્વાર થઇ ગઇ, ઘરોંમાં કૈદ થાવું પડુ, કારોબાર બંધ થઇ ગયા, મસ્જિદો વીરાન થઇ ગઇ, મોહલ્લા ઉજડી ગયા, ઈમામતની નમાઝ બંધ થઇ ગઇ, ઈબાદતગાહોમાં ઘાસ ઉગી નીકલા. મુમેનીન તકીયાની ઝિંદગી બસર કરવા લાગા, ઈદ તેમજ ફાઝિલ

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**ગરીબ તે નથી કે જેના પાસે દૌલત નથી મગર ગરીબ તે છે કે જેનો કોઈ સાચો દોસ્ત નથી.**

## -::: મોટા ગુનાહો :::- કિસ્ત-૨

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **ઇન્નલ્લાહા યોહિબ્બુત તૌવાબીના વ યોહિબ્બુલ મોતતાહહેરીન** - ઝરૂર અલ્લાહ તૌબા કરનારાઓને મોહબ્બત કરે છે અને પાક થાનારાઓને મોહબ્બત કરે છે. કાફિરો હર તરહથી નાપાક છે અને તેઓ પોતાના ગુનાહો વાસ્તે તૌબા કરતા નથી. તેઓ અલ્લાહ સિવાય બીજાને પોતાના ખુદા માની લે છે અને અલ્લાહના અહકામ સિવાય બીજાના મઝહબ પર ચાલતા થઇ જાય છે. અલ્લાહ જાણે છે કે, આ લોગો એની કમ-અકલી અને નાદાની પર છે, ભલા અલ્લાહ સિવાય કોઇ બીજો વલી હોય શકે ? મદદગાર કે વકીલ હોઈ શકે ? આવા ગુનાહગારોથી અલ્લાહ બેનિયાઝ-બેપરવાહ છે, જેઓ અલ્લાહને ભુલીને વાત કરે છે. અલ્લાહતઆલાએ લોગોને એના દીનની સમઝ પાડવા હર જગા તરહ-તરહની ખુલી નિશાનીઓ મુકેલી છે, તેમાંથી દરિયામાં ચાલનાર કિશ્તીઓ પણ એની નિશાની છે. કિશ્તીને દરિયાના પાની પર ચલાવવા વાસ્તે અલ્લાહે હવા બનાવેલી છે. **દરિયો તે દુનિયા છે, કિશ્તી તે ઇન્સાનની ઝિંદગી છે અને હવા તે હિદાયતે રબ્બાની છે.** અલ્લાહ ચાહે તો હવાને રોકી શકે છે, કિશ્તીને દરિયામાં તેની રાહથી ભટકાવી શકે છે યા કિશ્તીવાલાના ગુનાહોના લીધે કિશ્તીને દરિયાના મૌજાઓમાં હલાક કરી શકે છે.

અલ્લાહ ગફૂરૂર્રહીમ છે, રહેમત કરીને ગુનાહોને બખ્શી દેનાર છે, જે ગુનાહગારો વાસ્તે મોટો આસરો છે. દુનિયામાં આરામના સાઝો સામાન કરતા અલ્લાહને નઝદીક જે ચીઝ અફઝલ અને હમેશા રહેનારી છે **તે જન્નતની રાહત છે.** આ તે મુમેનીન વાસ્તે છે, જે અલ્લાહ પર ભરોસો કરે છે, તવક્કુલ રાખે છે, નાના-મોટા ગુનાહોથી દૂર રહે છે, ગુસ્સાને પી જાય છે અને સઝા આપવાની તાકાત રાખવા છતા ગલતી કરનારને મઆફ કરી દે છે. આ મુમેનીન તે છે, જેઓ અલ્લાહની બારગાહમાં દોઆ વાસ્તે હાથ ઊંચા કરે છે, દિલને હાઝિર રાખીને નમાઝને અદા કરે છે, વક્તના પાબંદ હોય છે, આપસમાં ખૈર ચીઝ વાસ્તે ભલો મશ્વરો લે છે અને મશ્વરો માંગનારને સીધી સલાહ આપે છે. અલ્લાહે અતા કીધેલા રિઝક માંથી ઝરૂરત મુજબ ખર્ચે છે, એના ઉપર ઝુલ્મ થાય તો ઈન્તેકામ પણ લે છે, મગર એટલું જ જેટલો ઝુલ્મ એના ઉપર થયો હોય. મુમિનને જોઈએ કે, બુરાઈનો બદલો એટલો જ હોય કે ઈન્સાફથી એનો ઈન્તેકામ લેવામાં આવે. મિસાલના તૌર પર કોઈ કહે કે, **"અખ્ઝાકલ્લાહ"**-ખુદા તુંને ઝલીલ કરે, તો તેનો જવાબ પણ એ જ મુજબ હોવો જોઈએ. કોઈ એક લપ્પડ મારે તો તેનો બદલો ફક્ત એક લપ્પડથી જ અપાય. પણ બુરાઈનો બદલો લેવો એક કિસ્મની બુરાઈ છે, લેહાઝા તેને મઆફ કરી દેવું મોટી ભલાઈ છે, મઆફ કરનારના સવાબનો ઝિમ્મેદાર અલ્લાહ વહદહૂ લા શરીક છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, કોઈ શખ્સ ઘૂંટો ગિલી જાય, ગુસ્સાને ફેંકી દે, હાલાંકે એ ગુસ્સો કરીને બદલો લેવાની તાકત રાખતો હોય, તો અલ્લાહ એના દિલમાં અમન અને ઈમાનને ભરી દેશે. કોઈ પણ શખ્સ **રગબતમાં (શૌક), રહબતમાં (ખૌફ) અને ગઝબમાં (ગુસ્સો)** પોતાના જાન ઉપર કાબૂ રાખે, કન્ટ્રોલ રાખે તો અલ્લાહ એના ઉપર જહન્નમની આગને હરામ કરશે અને એ શખ્સ બિલા હિસાબ જન્નતમાં જાશે.

જે શખ્સ મોટા ગુનાહોથી દૂર રહેશે, અલ્લાહનો કુફ્ર, ઝુલ્મ અને ગૈરઈન્સાફી નહીં કરે તેના વાસ્તે ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, "અલ્લાહતઆલા જે વક્ત મુમિનને કબરમાંથી ઉઠાડશે તે વક્ત **એક ખૂબસૂરત તસ્વીર તેના સાથે હશે.** જ્યારે તે મુમિન તે દિન જે જે લોગો પર અઝાબ થઈ રહ્યો હશે તેના પાસેથી ગુઝરશે ત્યારે તે તસ્વીર મુમિનને કહેશે કે, તું ડર નહીં, તને આ અઝાબ સાથે કોઈ તઅલ્લુક નથી. આ મુજબ તે તસ્વીર મુમિનને ઈત્મિનાન આપતી રહેશે, જન્નતની વધામણી આપતી રહેશે અને મુમિનને ખુદાને નઝદીક હાઝિર કરવામાં આવશે. અલ્લાહતઆલા ફરિશ્તાઓના ઝરીએ તેનો થોડો હિસાબ તપાસીને તેને જન્નતમાં લઈ જાવાનો હુકમ ફરમાવશે. ત્યારે મુમિન તે તસ્વીરને પૂછશે કે, ખુદા તારા પર રહેમત કરે, તું કોણ છે કે જેણે મને જન્નતનો વાઅદો કીધો અને તે સાચો થયો અને જહન્નમના અઝાબથી મને અમાન અપાવું ? તે તસ્વીર જવાબ આપશે કે, તુંને બુરાઈઓથી દૂર રહીને અલ્લાહને રાઝી કીધા છે, ભાઈઓ સાથે ભલાઈ કરીને તેમને ખુશ કીધા છે. હું રઝામંદી અને ખુશીની તસ્વીર છું અને તુંને જન્નતમાં દાખિલ કરીને ખુશ કરવા આવી છું." ★

**મુસીબતોંનો મુકાબલો સબરથી કરો અને નેઅમતોંની હિફાઝત શુકથી કરો.**

## -::: ઈસ્લામ :::-

અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, અય લોગો, શું તમેં સમઝી ગયા કે, ઈસ્લામની શું માઅના છે ? તેનાથી શું હાસિલ થાય છે ? ઈસ્લામ એક એવું મુકમ્મલ અને સાફ-પાકીઝા દીન છે, જે અલ્લાહ તરફથી તમારા વાસ્તે પસંદ કરવામાં આવેલું છે. આ દીનનો પાયો હક્ક અને સચ્ચાઈ પર છે અને તેની ઈમારત, અમાનત અને તકવાથી બનેલી છે. તે ઈલ્મનું એક એવું હમેશા જારી રહેનારૂં ઝરણું છે, જેમાંથી અકલ-સમઝના બીજા નાના-નાના સેંકડો ચશમાઓ ફૂટેલા છે. તે એક એવો ચિરાગ છે કે, જેનાથી બેશુમાર ચિરાગ રોશન થયા છે. તે એક એવો મિનારો છે કે, જે ઈન્સાફ, જેહાદ અને હકીકતની જુસ્તજૂ કરનારાઓને ઈત્મેનાન બખ્શે છે.

અય લોગો ! તમેં સમઝી લો કે, અલ્લાહતઆલાએ ઈસ્લામને પોતાની મોટામાં મોટી નેઅમત અને રઝામંદીનો રસ્તો ચુનેલો છે. અલ્લાહ એક માઅબૂદ છે અને ઈમાનદાર બંદો એનો અબ્દ છે, અદના ખાદિમ છે, ગુલામ છે. **તો માઅબૂદ અને અબ્દના દરમિયાન ઇબાદત કઇ તરહ હોવી જોઇએ એની કૈફીયત ઇસ્લામ બતાવે છે.** અલ્લાહતઆલાએ આ દીનને મઝબૂત અહકામ, ઊંચા ઊસૂલ, સાચી દલીલો, ગહેરી હિકમત, બેમિસાલ-બેબદલ કુરઆન, નબી (સ.અ.વ.વ.) અને આલે નબી જેવા શરીઅતના મુહાફિઝોથી સજાવેલું છે.

હવે તમારૂં કામ છે કે, અલ્લાહતઆલાએ આ દીનને જે શાન અને અઝમત બખ્શી છે તેને કાઈમ રાખો. તેના પર **દિલના યકીન અને ઇમાનની ગહેરાઇ** સાથે અમલ કરો. તેના પર દારોમદાર રાખીને તમેં દુનિયામાં કારે ખૈર કરશો તો આખેરતમાં તેની જઝાએ ખૈર પાશો. તેના હર નાના-મોટા અહકામ અને ફરમાનને તેની અસ્લી સૂરતમાં માનો. તમારી ઝિંદગીના સાથે તેને એ મુજબ જોડી દો કે, જેમ કોઈ મઝબૂત કપડાની બનાવટમાં સેંકડો નાના ધાગાઓ જોડવામાં આવે છે. ★

## -::: માલ અને ઈલ્મ :::-

દુનિયાદાર લોગોના ખઝાના માલથી ભરેલા છે. આખેરતની ફિકર રાખનારના ખઝાનામાં નૈકી, મોહબ્બતે આલે મોહંમદ (સ.અ.વ.વ.) અને ઈલ્મ સિવાય બીજું કઈ જ નહીં મીલે. ઈન્સાન માલને ત્રણ તરહથી તલબ કરે છે : (૧) પોતે માલિક બનવા વાસ્તે (૨) થોડા વક્ત વાસ્તે તેનાથી ફાયદો ઉઠાવવા વાસ્તે. (૩) પોતાની હાજિતો-ઝરૂરતો વાસ્તે થોડું બચાવી વધારેમાં વધારે **એહસાન, સદકો અને ખૈરાત** કરવા વાસ્તે.

આખેરતની મંઝિલ તરફ પહોંચવાનો સફર બેહદ કઠિન છે. તેની તૈયારી વાસ્તે ખૂબ મહેનત ઉઠાવવી પડે છે. તેના વાસ્તે ઝાદે સફરના ખઝાના લાકીમત અને નાયાબ છે, જે દુનિયાની કોઈ દૌલત ખરીદી શકતી નથી. આ ખઝાનાની ચાવી **સાચું ઇલ્મ-ઇરફાન** છે જે ત્રણ રસ્તાથી હાસિલ કરી શકાય છે : (૧) પોતાની ઝાતની અને પોતાના ખુદાની ગહેરી માઅરેફત-પહેચાન રાખે. પોતે જે ઈલ્મ રાખતો હોય અને બીજા જે ઈલ્મ નથી રાખતા તેની હદને જાણે. બીજા જે જાહિલ છે, તેઓની જાનોને પોતાના ઈલ્મથી ઝિંદા કરવાની કોશિશ કરે. (૨) પોતે જાણે કે જેટલું ઈલ્મ એ ધરાવે છે તે કેટલું ઓછું છે અને ઈલ્મની મંઝિલો તો કેટલી ઊંચી છે. એ પોતાને હર વક્ત એક શાગિર્દ અને તાલિબે ઈલ્મ જ માને અને પોતે કઈજ નથી જાણતો એમ સમઝીને ઈલ્મની મંઝિલો સર કરવા વાસ્તે થનગનતો રહે. (૩) પોતે પોતાની જેહાલત-લાઈલ્મીથી વાકિફ હોય અને તેના સબબ જે જાણકારો છે તેઓની બરાબરીમાં એની કંઈજ હસ્તી નથી અને એ હર વક્ત **ઇલ્મનો મોહતાજ, સવાલી અને નાકિસ** જ રહેશે, એમ માને. આ જાના બાદ એ હક્કના દીનના આલિમોની સોહબત-બેઠક ઈખ્તિયાર કરે.

માલ અને ઈલ્મ હાસિલ કરવાનું જે તીસરૂં નુકતું છે તે મુમેનીન વાસ્તે પસંદીદાહ છે, ખૈર છે, નફઅ-બખ્શ છે, માઅકૂલ છે. લેહાઝા આ તરીકાથી માલ અને ઈલ્મ અલ્લાહ ઈનાયત કરે તો દુનિયા અને આખેરતના ખઝાના મુમેનીન વાસ્તે કોઈ વક્ત ખાલી થાય જ નહીં. ★

**બૈરોની મિસાલ એવી પાંસલીની છે કે જેને સીધી કરવામાં આવે તો તૂટી જાય અને એને એના હાલ પર છોડી દેવામાં આવે તો ફાયદો હાસિલ થાય.**

**જૂઠું બોલવાનો અસર એક ગહેરા ઝખ્મ જેવો છે કે જે ભરાઈ તો જાય છે પણ નિશાન બાકી રહે છે.**

## -::: An Apple a Day Keeps a Doctor away :::-

અંગ્રેઝી ઝબાનની આ મશહૂર કહાવત તમામ ને યાદ હશે. હરરોઝ એક સૈબ-સફરજન ખાવો અને તંદુરસ્ત રહો. મગર હકીકતમાં આ નુસ્ખો કોઈ અંગ્રેઝ નો નથી, મગર ખૂદ હમારા નબી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો છે. ઘણી વક્ત હમેં વાઅઝમાં સાંભલીએ છીએ કે, મૌલાતોના માઁ ફાતેમા (અ.સ.) જન્નતના સફરજન ના નતીજા અને ખુલાસા છે. જિબરઈલ (અ.સ.) આપ નબી (સ.અ.વ.વ.) ને નઝદીક જન્નતનું તુફ્ફાહ (સફરજન) લઈને આવા અને કહ્યું કે, યા નબીયલ્લાહ ! આપ અને આપના બૈરો મૌલાતોના ખદીજા (અ.સ.) બેવે આ જન્નતના તોહફાની લઝઝત ઉઠાવજો, તમેં તેને જમજો. **આ જન્નતી સફરજનની બરકતથી માઁ ખદીજાને માઁ ફાતેમાનું હમલ રહ્યું.**

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને જે વક્ત પણ જન્નતના તુફ્ફાહની ખુશ્બૂ સુંઘવાનું મન થાતું તો આપ ફાતેમા (અ.સ.) ના જિસ્મે પાકને સૂંઘતા હતા. એક વક્ત આપના એક બૈરોએ એતરાઝ જતાવતા કહ્યું કે, યા નબીયલ્લાહ ! શું આપની દીકરી સાથે આ મુજબ નો અમલ જાઈઝ છે ? નબી સાહબે જવાબમાં ફરમાવું કે, અય મારા બૈરો, મને મારી ફાતેમા માંથી તીન ખુશ્બૂ આવે છે : (૧) **જન્નતની ખુશ્બૂ** (૨) **ઇમાનની ખુશ્બૂ** (૩) ફાતેમાની આલ માં જે ઈમામો થાશે તેની **ઇમામતની ખુશ્બૂ.** જયારે મને આ લઝઝત લેવાનું મન થાય છે તો મેં ફાતેમાને સૂંઘુ છું.

તમેં જાણી લો કે, જે કોઈ ફાતેમાને મોહબ્બત કરશે તેમા ઈમાનની ખુશ્બૂ બાકી રહેશે કેમકે, ફાતેમાને મોહબ્બત કરનાર એની આલ (ઈમામો) ને મોહબ્બત કરશે અને આ મોહબ્બતના સબબ અલ્લાહ એને દુનિયામાં અને આખેરતમાં બેહતર માં બેહતર સવાબ આપશે અને અલ્લાહતઆલા એને હર તરહની બીમારીથી (જિસ્માની અને રૂહાની) દૂર રાખશે.

તો અય ફાતેમી દાઅવતના મુમેનીન, હકીકત ને અંદર અલ્લાહતઆલાએ હમારા દિલોને અહલેબૈત (અ.સ.) ની **મોહબ્બતની ખુશ્બૂ**થી ભરી દીધા છે. જહાઁ તક, આ મોહબ્બત હમારા દિલમાં બાકી હશે વહાઁ તક દુનિયા કે આખેરતનું કોઈ શર-બદી-બીમારી હમને કમઝોર કરશે નહી. મોહબ્બત રાખો તો માઁ ફાતેમા અને આપની આલ ની રાખો જે હમારે વાસ્તે અલ્લાહતઆલા તરફથી **તુફ્ફાહ** છે, એક ફાયદામંદ ફલને મુજબ છે, જે હમને હર બીમારીથી મેહફૂઝ રાખે છે, હર બદીની આગને ઠંડી કરીને હમારા મિઝાજને ખુશ બનાવી દે છે. ★

## -::: દોઆ એ પુરઅસર :::-

મૌલાના અલી (અ.સ.) ની શહાદત બાદ મૌલાના ઈમામ હસન (અ.સ.) નો દૌરે ઈમામત ઘણી મહેનતો અને પરૈશાનીઓનો હતો. આપના કાંધા પર શીયાઓની હિફાઝત અને અમનો અમાન બરકરાર રાખવાની ઝિમ્મેદારી હતી. શામીઓ આપને ખૂબ પરૈશાન અને પશેમાન કરતા હતા અને શરીઅતના હલાલો હરામમાં તબ્દીલી લાવવાની નાપાક કોશિશો કરતા હતા. એક વક્ત આપને ઘણી ભારી તકલીફોના સબબ પરૈશાની થઈ તો રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) આપના ખ્વાબમાં તશરીફ લાવા અને આપને આ દોઆએ ખુસૂસી શીખાવી જેથી આપની તમામ પરૈશાનીઓ દૂર થઈ ગઈ. જે કોઈ મુમિન દુનિયાવાલાની બેવફાઈમાં ફસાયેલો હોય, રોઝી અને ઘરેલું તકલીફોથી ઘેરાયેલો હોય, સહેલાય અને સુકૂનનો રસ્તો નમૂદાર ન થાતો હોય તો રોઝ રાતે સુતા પહેલા આ દોઆ પઢે.

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

**અલ્લાહુમ્મકઝિફ ફી કલ્બી રજાઅકા વકતાઅ રજાઇ અમ્મન સેવાકા હત્તા લા અરજોવા અહદન ગયરક - અલ્લાહુમ્મા વમા ઝઓફત અન્હો કૂવતી વ કસોરા અન્હો અમલી વલમ તન્તહે ઇલયહે રગબતી વલમ તબ્લુગહો મસઅલતી વલમ યજરે અલા લેસાની મિમ્મા આઅતયતા અહદન મિનલ અવ્વલીના વતોઅતીહે અહદન મિનલ આખેરીના મિનલ યકીન ફખુસ્સની બેહી યા અરહમર રાહેમીન.**

માઅના :- અય અલ્લાહતઆલા, મારા દિલમાં તારી ઉમ્મીદને નાંખી દે અને તારા સિવાય હર કોઈથી મારી ઉમ્મીદને કતાઅ કરી દે, તોડી નાખ, યહાઁ તક કે, મેં તારા સિવાય કોઈની ઉમ્મીદ ન રાખું. અય ખુદાતઆલા, તે ચીઝ કે જેથી મારી તાકત કમ્ઝોર થઈ ગઈ, મારો અમલ અધૂરો થઈ ગયો, મારી રગબત તેની તરફ પહોંચી ન શકી, મારો સવાલ પણ ન પહોંચો, મારી ઝબાન પણ તે બોલી ન શકી, તે ચીઝ જે તુંએ અવ્વલીન (આગલના લોગો) માંથી કોઈને આપેલી છે અને આખેરીન (આવનાર લોગો) માંથી કોઈને તું આપીશ, તે છે “યકીન” ! આ યકીનથી મને મખ્સૂસ કરી દે, અય રહેમત કરવાવાલાથી ઝિયાદહ રહેમત કરવાવાલો ! ★

**મૌતને ન માંગો મગર યાદ રાખો, મૌત રાહતનો રસ્તો છે.**

*(પેજ નં. ૨નું બાકી)* **સક્કા (ભિશ્તી) નો કિસ્સો....**

નમાઝ વાસ્તે અલ-હમ્દો ની સૂરત સાથે બીજી નાની સૂરતોની કિરાત શીખાવી, નમાઝના અરકાન અને એહકામ ની તાઅલીમ આપી. મગરિબનો વક્ત કરીબ થયો કે, સઘલા સક્કાને ઘણા માનથી મસ્જિદમાં લાવા. "મોઅતમ્મન બિલ ઈમામ" કહીને એમના પાછલ અહમદાબાદની જમાઅતે નિય્યતે ખાલેસાહથી મગરિબ અને ઈશાઈલ આખેરતની નમાઝ અદા કીધી. અજબ ઈતાઅત અને ઈખ્લાસનો મુઝાહેરો હતો, **સઘલાએ જિસ્માની હાલતમાં ફરિશ્તાની સીરત ઇખ્તિયાર કીધી હતી.**

નમાઝના બાદ એ મુમિને સૈયેદનાનો બીજો કાગઝ મૌ.આદમને સિપૂર્દ કીધો. જેમાં ફરમાવેલું હતું કે, "હમેં સક્કાને ફૌરન યમન આવવાની દાઅવત આપીએ છીએ. હવેથી દાઅવતે હાદીયાહના હિન્દ-સિન્દના ઊમૂરની રઝા દોબારહ મૌ.આદમને ઈનાયત થાય છે." આ ફરમાન સાંભલી સક્કા જલ્દી-જલ્દી પોતાના ઘરે ગયા અને યમન જાવાની તૈયારી કીધી. જે વક્ત સક્કા યમન તરફ જાવા રવાના થાવાના હતા તે વક્ત મૌ.આદમે સક્કા ની રવાનગી વાસ્તે મજલિસ અને ફાખિર જમન કીધું જેમાં મુમેનીને સક્કાને ખુશી-ખુશી રૂખસત આપી.

સક્કા યમન પહોંચા. દાઉયુઝઝમાન સૈ.ઈદરીસની હઝરતે શરીફાહમાં પૈશ થયા. દાઈએ હિન્દુસ્તાનના સઘલા અખ્બાર પૂછા. સક્કાએ મૌ.આદમનો કાગઝ સૈયેદનાને આપો. સક્કાના નમાઝ પઢાવવાના ફરમાનને બજા લાવવાની ખબર સાંભલીને સૈયેદના નિહાયત ખુશ થયા. સૈયેદનાએ અહલે યમનને બોલાવા અને ફરમાવું કે, **"અલ્લાહનું દીન પૂરેપૂરૂં તાઅત (ફરમૉંબરદારી) છે. દીનની બિના તાઅતના પાયા પર ઊભેલી છે.** આ તાઅત અલ્લાહથી શુરૂ થાય છે અને અલ્લાહના દાઈ પર ખત્મ થાય છે. તાઅતના બાદ બીજી ઈબાદતો છે. અય અહલે યમન, તમેં હિન્દી મુમેનીનના ઈમાનો ઈખ્લાસને જોવ. તે ઝમીન હક્કના નૂરથી મુનવ્વર થાશે. ઈલ્મો હિકમતના ગૌહર તેમાં પૈદા થાશે. દાઅવતની આ નેઅમત યહૉંથી ચાલી જાશે. હિન્દના મારા ભાઈઓ, જાનો માલ પર ફરમાને દાઈને મુકદ્દમ કરનારા મારા જૉંનિસારો હિન્દની ઝમીનમાં દાઅવતના મિનારાને બલંદ કરશે."

સૈયેદનાએ સક્કાને પોતાની હઝરતમાં રાખા. ઘણી ઈઝઝત બખ્શી. ચંદ અરસા બાદ એ સક્કા યમનમાં જ વફાત પામા, ત્યાં જ સક્કાની કબરે અન્વર થઈ. સૈયેદનાએ હિન્દુસ્તાન વાસ્તે જે ફિદાગીરીની ખુશખબરી આપી હતી તે ખૂબ શાનથી ઝાહિર થઈ. આપના જ વક્તમાં હિન્દની ઝમીન માંથી ઈલ્મો હિકમતના જવાહિરે આબદાર પૈદા થયા, ઈબાદુલ્લાહિલ મુખ્લેસીનથી ઝમીન રોશન થઈ. મૌ.આદમ, મૌ.હસન, મૌ.રાજ, મૌ.દાઊદ, મૌ.જાઅફર, મૌ.કાસિમ જેવા ઔલિયાઉલ્લાહ પૈદા થયા. આ સઘલાની સીરત અને સૂરતથી આજે મુમેનીન સબક-આમૌઝ થાય છે, આપની કબરોની બરકાતથી આપની ઝિંદગી પર નઝર કરે છે અને પોતાની હવાઈજ-મકાસિદ (ઉમ્મીદો) ને પહોંચે છે. ★

---

*(પેજ નં. ૪નું બાકી)* **જાઅફર નહેરવાલી....**


અય્યામો-રાતોને છુપી રીતે મનાવવા લાગા. આજે કેટલાક **ગુંજ શોહદાના મઝારો** અહમદાબાદના કબ્રસ્તાનમાં મૌજૂદ છે, તે એ સેંકડોં મુમેનીનની યાદ છે, જે આ ઝમાનમાં શહાદત પામા છે, દાઅવતની હિમાયત વાસ્તે પોતાની જાનને ફિદા કીધી છે. આ સાથે દાઅવતના હુદૂદ, મૌલાઈઓ અને ખુદ્દામ પણ ઝાલિમોના સિતમથી આઝાદ ન હતા, આપ લોગોએ પણ જામે શહાદત નૌશ ફરમાવું છે. જેમાં અલુજી શહીદ, હસનજી શહીદ, મુ.મુસ્ઉીદ ધ્રાંગધ્રાવાલા, મુ.ઈસ્માઈલ બરોડાવાલા, મુ.મલકશાહ ખંભાતવાલા, શૈખ અહમદ કપડવંજી, ખ્વાજા મોહંમદ બિન ઈસ્હાક વગૈરા શામિલ છે. **આપ મૌલાઇઓએ હમને ઇમાનનું નૂર બખ્શેલું છે, હમને સબર અને શુક્રની રાહ બતાવેલી છે.** આપ મવાલીએ તાહેરીન (અ.સ.) અલ્લાહતઆલાના પસંદીદાહ બંદએ ખાસ હતા. રાહે હક્કમાં ઘણી મહેનત, ઈઝા અને તકાલીફ ઉઠાવી કરબલાના શોહદા મુજબ દીનને સાચવવા અઝીમ કુરબાની આપી. આપ મવાલીએ કિરામની કુરબાનીઓથી અહમદાબાદ નાની કરબલાથી શનાખ્ત થાય છે. સૈયેદુશ્શૌહદા (અ.સ.) ના ગુલામો, જેઓ દીને હક્કની મુહાફેઝત વાસ્તે શહીદ થયા તેઓની શહાદતની ઝિંદા નિશાની કબરના તૌર પર આજે મૌજૂદ છે, મુમેનીનને લાલ તારા નું નિશાન કીધેલી કબરોની ઝિયારત કરવી જોઇએ. ★

**મોહબ્બતથી તમેં ગુલાબને જોશો તો ખૂબસૂરતી અને ખુશ્બૂ મીલશે, જો તમેં નફરતથી જોશો તો કાંટા દેખાશે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તૈઝ કરો.....





**ઊભી તરકીબ :**

(૧) ----- અને ઔલાદ દુનિયાની ઝીનત છે. (૨)
(૨) લયલતુલ ----- વાસ્તે કુરઆનમાં એક પૂરી સૂરત નાઝિલ થઈ છે. (૩)
(૩) અય----- માં રહેનાર શખ્સ, તુંને કરીબમાં ઝમીનમાં દફન કરવામાં આવશે. (૩)
(૭) ઈસ્રાફીલ ફરિશ્તા કયામતના દિન ----- ફૂંકશે. (૨)

**આડી તરકીબ :**

(૨) અલ્લાહતઆલાએ પહેલે ----- ને પૈદા કીધેલી છે. (૩)
(૪) ઈન્સાફ, ફરિયાદ. (૨)
(૫) હિન્દુસ્તાનની આબો ----- ઈમાનદારો વાસ્તે ખૂબ મુનાસિબ છે. (૨)
(૬) ખુદાતઆલા ઈન્સાનની હિદાયત વાસ્તે ----- ને મોકલે છે. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**




★

---

*(પેજ નં. ૧નું બાકી)* **જ્વાલામુખી....**

**જે ચીઝને બાતિનમાં રાખવી જોઇએ તેને આજે ઝાહિર કરવામાં આવી રહી છે.** આ એક મોટો સમાજી અસલો ઊસૂલનું ખૂન કરતો ફિત્નો છે, જેને દુનિયાના લોગો તરક્કી-પસંદ લાઈફ સ્ટાઈલ અને હાઈ સોસાયટીનું ચમકતું લેબલ લગાડી દે છે. આ ફિત્નાના સાથે બીજો ફસાદ એ છે કે, હવે રાઝની વાત રાઝ રહેતી નથી. **અમાનતદારીની જાણે અછત થઇ ગઇ છે.** અંદરૂની ઝાતી વાતને લોગો સમઝતા નથી અને ગમે તેના આગલ ગમે તેની વાત કરી દે છે. ઝઘડા અને નાઈત્તેફાકીની જડ, રાઝને ખોલી દેવો છે, બેઈમાની કરવું છે. બે જણાથી વધીને જો કોઈ તીસરાને રાઝની વાત ખબર પડે તો તે રાઝ પછી ફસાદ પૈદા કરે છે. ઈન્સાની સમાજ અને અખ્લાકને પોતાની આગમાં લપેટનાર આ બે ભયંકર ખતરનાક જ્વાલામુખી છે. જે બૈરોના જિસ્મની નુમાઈશ અને ગદ્દારી-બેઈમાની-વાઅદા ખિલાફીની શિક્લમાં ફાટી રહ્યા છે. હમારૂં દીન હમને આ બેવે ફસાદથી અમાન આપે છે - બૈરોને પડદામાં રહેવું અને ઈમાનદારીથી વ્યવહાર કરવો આ સઘલી ચીઝો ને અંદર અલ્લાહની ગેહરી હિકમત છે.

ઝમીનની રાખ-માટી-તુરાબ તે ઝિંદગી નું અસલ છે. એની તબદીલીમાં અલ્લાહનો શું રાઝ હશે તે અલ્લાહ બેહતર જાણે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આપના કલામે પાક માં ફરમાવે છે કે, **"અલ અરઝો ઉમ્મોકુમ વહેયા બેકુમ બરરતુન"** - ઝમીન તમારી માઁ છે અને તે ભલી માઁ છે. તે ઝમીન પર તમેં ચાલો, ફિરો, તેને અંદર થાતી ખેતી થી ફાયદો ઉઠાવો. તે ઝમીન તમને ઝિંદગી અને મૌત પછી પોતાને અંદર સમાવી લેશે. **યાઅની તે ઝમીન તમને હર ચીઝમાં કાફી છે. તે અલ્લાહની નેઅમત છે.** આસમાન અગર નબી છે, તો ઝમીન વસી છે. આ ઝમીનથી અલ્લાહતઆલાએ હમને લા-તાઅદાદ નેઅમતોથી નવાઝેલા છે. લેહાઝા આ ઝમીનની ઈઝઝત કરો યાઅની વસી ની તાઅત કરો. દુનિયામાં જે કંઈ છે તે ઝમીન-વસી થી છે. અલ્લાહતઆલા કહે છે કે, **"લા તુફસેદુ ફિલ અરઝે"** તમેં ઝમીનમાં ફસાદ ન કરો, યાઅની વસીની વસાયતમાં શક ન લાવો. ઝમીન એક હદ તક ફસાદ બરદાશ્ત કરી લે છે મગર જે વક્ત આ ઝમીન ગઝબનાક થાય છે, તો જ્વલામુખીની શિક્લો સૂરતમાં તેની પીઠ પર રહેવાવાલાઓ ની ઝિંદગી મૌતથી પણ બદતર કરી નાંખે છે. અલ્લાહની આ નિશાનીઓ ને જોઈને મુમેનીન પર લાઈક છે કે, પોતે તો શરાફતથી ઝિંદગી ગુઝારે પણ સાથે બીજાને સુકૂનથી જીવવા દે. ★

**જો પૈસાને ખૈર જગામાં ઈસ્તેમાલ કરતા ન આવડે તો તમેં એના ગુલામ બનશે અને જો આવડે તો એ તમારો ગુલામ બનશે.**

## -::: હિકમતના લોગો વાસ્તે " હકીમસાબ " ના નુસ્ખા :::-

### UTI પેશાબનું Infection

✷ UTI એટલે Urinary Tract Infection. Urinary Tract તે રસ્તા ને કહે છે જ્યાંથી પેશાબ બને છે, store થાય છે અને બાહર નીકલે છે. આ રસ્તામાં કોઇ પણ જગાએ infection થાય અને પેશાબમાં pus cells વધારે પ્રમાણમાં આવે તો તેને UTI કહે છે. UTI નાના બચ્ચાઓમાં, બૈરાઓમાં અને જેને પથરી હોય તેમાં common છે.

✷ UTI થાવાના કારણો :

- Blood માં રહેલા bacteria જે વક્ત kidney માંથી થઇને પેશાબના રસ્તામાં infection કરે.
- બાહર રહેલા bacteria જ્યારે પેશાબના રસ્તા ઉપર આવે અને bladder યા નલીમાં infection કરે.
- પથરી હોવાથી કેટલી વખત પેશાબના રસ્તામાં ઝખમ (injury) થાય છે જેમાં infection થઇ શકે છે.
- જેને diabetes હોય અને sugar કંટ્રોલમાં ન રહેતું હોય તેમાં infection common છે.
- નાના બચ્ચાઓ જે લાંબા વક્ત તક diapers પહેરતા હોય અને સંડાસ લાંબા વક્ત તક સાફ ન કરાતો હોય તો ત્યાં bacteria infection કરી શકે છે. છોકરીઓમાં infection જલ્દી થાય છે કેમ કે પેશાબની નલી ટૂંકી હોય છે.
- લાંબા વક્ત તક પેશાબ રોકી રાખવો, ઓછું પાણી પીવું infection ને નોતરે છે.
- sexual relation થી કોઇ cases માં યોની (vagina) ના bacteria પેશાબ ની નલી માં infection કરી શકે છે.

✷ UTI માં શું થાય છે :

- વારંવાર પેશાબ આવવી.
- પેશાબ કરતી વક્ત જલન યા દુખાવો થવો.
- પેશાબમાં ખૂન જાવું યા પેશાબ વાદલી (cloudy) થવી યા વધારે ગંધ આવવી.
- કમરમાં યા પેટને નીચેના ભાગ (પેડૂ) માં દુખાવો થવો.
- ઠંડી લાગીને તાવ આવવો. ઉલ્ટીઓ થવી.

✷ UTI રોકવા ને વાસ્તે શું કરવું :

- અંગત ભાગોની સફાઇ બરાબર રાખે, બચ્ચાના પેશાબ અને સંડાસની જગા ને બરાબર સાફ અને સૂકી રાખે.
- પાની અને પ્રવાહી (liquids ) ઝિયાદહ લે. ગરમીની મૌસમમાં UTI થવું common છે, કેમકે પસીનો થાવાના સબબ પેશાબ ઓછો બને છે અને વધારે concentrated હોય છે.
- પેશાબ કરવાની હાજત આવે તો પેશાબ કરી લેવી જોઇએ.
- જે ચીઝોમાં vitamin C વધારે હોય એ લેવાનું રાખે, જેમકે આમલા, લીંબુ પાની, fruit juice, વગૈરા.
- Diabetes ને control માં રાખે.
- અગર પેશાબના રસ્તામાં પથરી હોય તો એનો બરાબર ઈલાજ કરાવે.
- Recurrent UTI - વારંવાર પેશાબમાં થતા infections, future માં kidney ને નુકસાન પહોંચાવી શકે છે. આનો ફાયદાકારક ઈલાજ homoeopathy માં છે. જેને વાસ્તે આપના નઝદીક નાં ડૉક્ટર ને consult કરવા જોઇએ.

* **આજવા રોડ** : રવિવાર / બુધવાર
: સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦, જુમોઆ : સાંજે ૫ થી ૮ ★

* **જહાંગીર પૂરા** : મંગલવાર / જુમેરાત / શનિવાર
: સવારે ૧૧ થી ૧ ★

* **વાસણા રોડ** : સોમવાર થી જુમેરાત અને શનિવાર
: સાંજે ૫ થી ૮ ★

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઇ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઇ (મુબંઇમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઇ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★